RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 229* Date: 16.06.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સરહદે પાક.ના સતત ગોળીબાર વચ્ચે

# પાકિસ્તાનમાં ભારતીય ઉચ્ચાયોગના બે અધિકારી લાપતા થતા ખળભળાટ

## ભારત લાલઘૂમઃ હાઈ કમિશનના બંને અધિકારીઓના મોબાઈલ પણ બંધ, અનેક તર્કવિતર્ક

ન્યુ દિલ્હી/ઈસ્લામાબાદ,તા.૧૫

ભારતને વારંવાર હેરાન-પરેશાન કરનાર પડોશી દેશ પાકિસ્તાનમાં ભારતીય હાઈકમિશનના બે મહત્વના અધિકારીઓ આજે સવારથી ગુમ થતાં ભારત સરકારમાં ભારે હલચલ મચી ગઈ હતી. અને નવી દિલ્હી ખાતે પાકિસ્તાન એલચી કચેરીના સત્તાવાળાઓનું તરત જ ધ્યાન દોરીને તેમને શોધી કાઢવા ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે ભારત સરકારે નવી દિલ્હીમાં પાકિસ્તાનના હાઈ કમીશનમાં ફરજ બજાવતા બે કર્મચારીઓને જાસુસી કરવાના આરોપસર પરત પાક. મોકલી આપ્યાના કદાજ કથિત સામસામે કાર્યવાહીના બદલારૂપે આ બે ઉચ્ચાધિકારીઓનો બનાવ બન્યો હોવાનું મનાઈ રહ્યું છે,

આ અંગેની વિગતમાં, પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં બે ભારતીય અધિકારીઓ ગુમ થયા હોવાના એહવાલ પ્રાપ્ત થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પાકિસ્તાનમાં ભારતીય હાઈકમિશનના બે અધિકારી છેલ્લા બે કલાકથી ગુમ છે. તેમની શોધખોળ ચાલી રહી છે. આ સાથે જ આ મામલાને પાકિસ્તાનના જવાબદાર અધિકારીઓની સામે રજૂ કરવામાં આવ્યો છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે, હાઈકમિશનના કામ કરી રહેલા બંને અધિકારી ઓફિસ જવા માટે નિકળ્યા હતા પરંતુ તેઓ ઓફિસ પહોંચ્યા નહતા. પાકિસ્તાન સરકારને આ અંગે જાણ કરવામાં આવી છે.

અગાઉ પણ ઈસ્લામાબાદમાં ભારતના રાજદૂત ગૌરવ અહલૂવાલિયાને ડરાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. કેટલાક આઈએસઆઈ એજન્ટ તેમને ડરાવવા માટે તેમનો પીછો કરી રહ્યા હતા.



પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં આવેલી ભારતીય એમ્બેસીના બે ઓફિસર્સ ગુમ થયાની. આ માહિતી વિદેશ મંત્રાલયના સૂત્રો દ્વારા આપવામાં આવી હતી. જેમાં . જણાવવામાં આવ્યું છે કે, આ બંને ઓફિસર્સ સવારે ૮.૩૦ વાગ્યાથી ગુમ છે. આ વિશે વધારે માહિતી આપવામાં આવી નથી. છેલ્લા કેટલાક કલાકોથી બે ભારતીય હાઈ કમિશન સ્ટાફ પાકિસ્તાનમાં ગુમ થયા તેમાં પ્રકાશમાં આવ્યું છે કે બંને હાઈ કમિશન સ્ટાફ સીઆઈએસએફના કર્મચારી હતા.

ઈસ્લામાબાદના ભારતીય હાઈકમિશનના પ્રવક્તાએ કહ્યું કે, ×ભારતીય ઉચ્ચ કમિશનના બે અધિકારીઓ સવારથી જ સત્તાવાર કામ પર ગુમ થયા છે. આ મામલો પાકિસ્તાની અધિકારીઓ સમક્ષ લેવામાં આવ્યો છે.×

બંને ભારતીય હાઈ કમિશન સ્ટાફ સીઆઈએસએફ ડ્રાઈવર હતા અને ઈસ્લામાબાદમાં ફરજ પર હતા. જો કે, તેઓ તેમના લક્ષ્યસ્થાન પર પહોંચ્યા ન હતા. મિશન અધિકારીઓએ સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો પણ બંને પહોંચી શક્યા ન હતા. અહેવાલમાં ટિપ્પણી કરતાં પૂર્વ ભારતીય રાજદ્વારી શરત સાબરવાલે આચારસંહિતાનું પાલન ન કરવા બદલ પાકિસ્તાનને ટીકા કરી હતી.

સંરક્ષણ નિષ્ણાત એ.કે. સિંહે પણ આ અંગે પાકિસ્તાનની ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ પહેલીવાર નથી જ્યારે આવી કોઈ ઘટના બની હોય. તેમણે કહ્યું કે પાકિસ્તાન એક 'ઠગ રાજ્ય' છે.

મીડિયા રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય એમ્બેસી અને વિદેશ મંત્રાલયે પાકિસ્તાનને આ બે ઓફિસર્સ વિશે તુરંત તપાસ કરવા કહ્યું છે. નવી દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનના બે પાકિસ્તાની અધિકારીઓ પર જાસૂસીનો આરોપ મૂકવા અને દેશનિકાલ કર્યાના કેટલાક દિવસો બાદ આ ઘટના બની છે . સત્તાવાર સૂત્રોએ નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે, બે અધિકારીઓ, આબીદ હુસેન અને મુહમ્મદ તાહિરને દિલ્હી પોલીસે પકડ્યો હતો, જ્યારે તેઓ પૈસાના બદલામાં ભારતીય નાગરિક પાસેથી ભારતની સુરક્ષા સ્થાપના સંબંધિત સંવેદનશીલ દસ્તાવેજો મેળવતા હતા.

દિલ્હી પોલીસે ૧ જૂને પાકિસ્તાની એમ્બેસીના બે ઓફિસર્સની જાસુસી કરતી વખતે જ ધરપકડ કરી હતી. આ લોકો એક વ્યક્તિને પૈસાની લાલચ આપીને સુરક્ષા સાથે જોડાયેલા દસ્તાવેજો માંગી રહ્યા હતા. બંને જાસુસ એમ્બેસીમાં વિઝા આસિસ્ટન્ટ તરીકે કામ કરતા હતા. પકડાયા ત્યારે તેમણે પોતાને ભારતીય નાગરિક સાબીત કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમની પાસે નકલી આધાર કાર્ડ, ભારતીય કરન્સી અને આઈફોન મળ્યા હતા. ભારતે આ બંને ઓફિસર્સને ૨૪ કલાકની અંદર જ દેશ છોડવા કહ્યું હતું. તેમણે તે દરમિયાન ભારત છોડી દીધું હતું.

## કોરોના વાયરસથી નવેમ્બર મહિનામાં હાલત બદતર બનશેઃ ICMR સ્ટડી

ન્યુ દિલ્હી,તા.૧૫

ભારતમાં કોવિડ ૧૯ મહામારી નવેમ્બર મધ્યમાં ચરમસીમાએ પહોંચી શકે છે. જે દરમિયાન 'આઈસીયુ બેડ' અને વેન્ટિલેટરની પણ અછત પડી શકે છે. એક અભ્યાસમાં આ દાવો કરાયો છે. અભ્યાસ મુજબ લોકડાઉનના કારણે કોવિડ ૧૯ મહામારી આઠ અઠવાડિયા મોડી પોતાની ચરમસીમાએ પહોંચશે. ભારતીય આયુર્વિજ્ઞાન અનુસંધાન પરિષદ દ્વાર રચાયેલા 'ઓપરેશન રિસર્ચ ગ્રુપ'ના રિસર્ચર્સે આ અભ્યાસ કર્યો છે. જેમાં કહેવાયું છે કે લોકડાઉને મહામારીને ચરમસીમાએ પહોંચવામાં ૩૪ દિવસથી આગળ વધારીને ૭૬ દિવસ કર્યા.

અભ્યાસમાં એમ પણ કહેવાયું છે કે લોકડાઉને સંક્રમણના કેસોને ૬૯ ટકાથી ૯૭ ટકા સુધી ઓછા કર્યા, જેનાથી સ્વાસ્થ્ય પ્રણાલીને સંસાધન ભેગા કરવામાં અને માળખાગત સુવિધાને મજબુત કરવામાં મદદ મળી. લોકડાઉન બાદ જન સ્વાસ્થ્ય ઉપાયોને વધારવા અને તેના ૬૦ ટકા સફળ રહેવાની સ્થિતિમાં મહામારી નવેમ્બરના પહેલા અઠવાડિયા સુધીમાં પોતાની ચરમસીમાએ પહોંચી શકે છે. ત્યારબાદ ૫.૪ મહિના માટે આઈસોલેશન બેડ, ૪.૬ મહિના માટે આઈસીયુ બેડ અને ૩.૯ મહિના માટે વેન્ટિલેટર ઓછા પડી જશે.

જો કે એમ પણ કહેવાયું છે કે જો લોકડાઉન અને જનસ્વાસ્થ્યના ઉપાયો ન કરાયા હોત તો સ્થિતિ વધુ ગંભીર થઈ શકત. રિસર્ચર્સે કહ્યું કે માળખાગત સુવિધાઓ વધારવા માટે સરકાર દ્વારા સતત પગલાં લેવાવા અને વિભિન્ન ક્ષેત્રોમાં સંક્રમણના દર અલગ અલગ રહેવાના કારણે મહામારીના પ્રભાવને ઘટાડી શકાય છે. જો જન સ્વાસ્થ્ય ઉપાયોના કવરેજને વધારીને ૮૦ ટકા કરવામાં આવે તો મહામારીના પ્રભાવમાં ઘટાડો લાવી શકાય છે.

ભારતમાં કોવિડ ૧૯ના મોડલ આધારિત વિશ્લેષણ મુજબ લોકડાઉનના પિરિયડ દરમિયાન તપાસ, ઉપચાર, અને રોગીઓની સારવાર અને આઈસોલેશન માટે વધારાની ક્ષમતા તૈયાર કરવાની સાથે સાથે ચરમસીમાએ કેસની સંખ્યા ૭૦ ટકા સુધી ઓછી થશે અને સંક્રમણના વધી રહેલા કેસમાં લગભગ ૨૭ ટકા ઘટાડો જોવા મળશે. વિશ્લેષણમાં જોવા મળ્યું છે કે કોવિડ ૧૯થી થનારા મૃત્યુના કેસમાં લગભગ ૬૦ ટકા મૃત્યુ ટાળી શકાયા અને એક તૃતિયાંશ મૃત્યુ ટાળવાનો શ્રેય સ્વાસ્થ્ય સુવિધા ઉપાયોમાં વૃદ્ધિને જાય છે.

### ૨૪ કલાકમાં કોરોનાના ૧૧,૫૦૨ પોઝિટિવ કેસ,૩૨૫ના મોત

## જૂનના અંત સુધીમાં કેસોની સંખ્યા ૫ લાખ પર પહોંચી જશે!

ન્યુ દિલ્હી,તા.૧૫

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કર્યા પ્રમાણે, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે સોમવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન ફરીથી ૧૧ હજાર કરતાં વધુ કેસો બહાર આવ્યાં હતા. અને ૩૧૧ લોકોના મોત થયા હતા. . આ સાથે દેશમાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૩,૩૨,૪૨૪ થઈ ગઈ છે. આ પૈકી ૧ લાખ ૪૯ હજાર ૩૪૮ સક્રિય કેસ છે, ૧ લાખ ૬૨ હજાર ૩૭૯ લોકો સાજા થઈ ગયા છે. અને કુલ ૯,૧૯૫ લોકોના મોત થયા છે. તો બીજી બાજુ તમિલનાડુના ચાર જિલ્લા ચૈન્નાઈ, તિરુવલ્લુવર, કાંચીપુરમ અને ચેંગલપટ્ટુમાં ૧૯થી૩૦ જૂન સુધી લોકડાઉન લાગુ કરાયું છે.

સૂત્રોએ કહ્યું કે, દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો કાળો અને વિકરાળ કેર સતત વધી રહ્યો છે. બે મહિનાના લોકડાઉન બાદ આપવામાં આવેલી છૂટછાટના પગલે કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. મંત્રાલયના આંકડા મુજબ સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૩૩૨૪૨૪ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧૫૦૨ નવા કેસ સાથે કોરોનાનો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે.

જોકે, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૧.૦૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૪૧૯ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૬૯૭૯૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

કોરોના કેસોમાં દર પાંચ દિવસની અંદર લગભગ ૧૦૦૦નો વધારો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં સતત ૧૧ હજારથી વધારે સંક્રમિત લોકો વધી રહ્યા છે. ૨-૩ દિવસમાં આ સંખ્યા ૧૧ થી ૧૨ હજારના દરે વધવાનું અનુમાન છે. રવિવારે ૧૧,૯૨૯ નવા કેસ સામે આવ્યા હતા. તે સાથે જ હવે દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૩.૩૨ લાખ થઈ ગઈ છે.એક અનુમાન છે કે જો કોરોનાનો ગ્રાફ આવી રીતે જ વધતો રહેશે તો જૂનના અંત સુધી સંક્રમિતોની સંખ્યા ૫ લાખ પર પહોંચી શકે તેમ છે. દિલ્હીમાં ત્રીજા દિવસે પણ ૨ હજારથી વધુ પોઝિટિવ નોંધાયા છે. ,આવતી કાલથી દિલ્હીના આનંદવિહાર સ્ટેશન પર રેલવે કોચમાં ઈલાજ શરૂ થશેદેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩,૩૨ લાખ થઈ ગઈ છે. રવિવારે દિલ્હીમાં ૨૨૨૪ નવા કેસ નોંધાયા હતા અને ૫૬ લોકોના મોત થયા હતા. દિલ્હીમાં કોરોના દર્દીઓની સંખ્યા ૪૧ હજાર પાર થઈ ગઈ છે. અહીં સારવાર હેઠળના સક્રિય કેસ ૨૪ હજાર ૩૨ છે. મહામારીના લીધે અત્યારસુધી ૧૩૨૭ લોકોના મોત થયા છે. દિલ્હીના આનંદવિહાર સ્ટેશન પર રેલવેના આઈસોલેશન કોચમાં દર્દીઓની સારવાર થશે. આ સ્ટેશન પરથી જનારી ટ્રેન હવે જુની દિલ્હી રેલવે સ્ટેશન પરથી ઉપડશે.

શનિવારે લદ્દાખમાં ૧૯૮ કેસ આવ્યા હતા. તે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે અને કુલ સંક્રમિતોનો ૪૫ ટકા છે. અત્યાર સુધીમાં કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૪૩૭ કેસ સામે આવ્યા છે.

નવેમ્બરમાં કોરોના પીક પર હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ICMRના ઓપરેશન્સ રિસર્ચ ગ્રુપના અભ્યાસ પ્રમાણે, લોકડાઉનના કારણે દેશમાં કોરોના વાઈરસનો પીક ટાઈમ ૩૪ થી ૭૬ દિવસ શિફ્ટ થયો છે. હવે પીક એટલે કે મહત્તમ કેસો નવેમ્બરના મધ્યમાં આવવાની શક્યતા છે અને તે વખતે ICU બેડ-વેન્ટીલેટરની અછત સર્જાય તેવી પણ આશંકા સત્તાવાળાઓ વ્યક્ત કરી રહ્યાં છે.

કોરોનાના કેસો વધતાં રેલવેએ સંક્રમિતોની સારવાર માટે પોતના મોડિફાઈડ કોચ આપવાનો નિર્ણય કર્યો છે. જે હેઠળ ઉત્તરપ્રદેશમાં ૭૦, દિલ્હીમાં ૫૪, તેલંગાણામાં ૬૦ અને આંધ્રપ્રદેશમાં ૨૦ આઈસોલેશન કોચ આપવામાં આવશે.. દિલ્હીમાં આ કોચ આનંદ વિહાર સ્ટેશન સકૂરબસ્તી મેન્ટેનન્સ ડેપોમાં હશે.

તેલંગાણા સરકારની એક માહિતીમાં જણાવ્યા પ્રમાણે, ૨૩ પત્રકારોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાજ્યમાં કુલ ૬૦ મીડિયાકર્મી મહામારીના સંકજામાં આવી ચુક્યા છે. જેમાંથી એકનું મોત થયું છે.

મેના છેલ્લા સપ્તાહમાં લગભગ એક લાખ ટેસ્ટ દરરોજ કરાઈ રહ્યા છે. જૂનના પહેલા સપ્તાહમાં ૧.૪૦ લાખ ટેસ્ટ કરાયા હતા. હવે તેની સંખ્યા વધારીને ૧.૫૦ લાખ કરી દેવાઈ છે

## ચીનની સિનોવેક કંપનીએ કોરોનાની વેક્સિનના બે તબક્કા સફળ થયાનું જાહેર કર્યું

બેઈજિંગ,તા.૧૫

ચીનમાં કોરોના વાયરસના સંક્રમણનો બીજો તબક્કો શરૂ થવાની સંભાવનાએ સમગ્ર વિશ્વમાં ભયનું વાતાવરણ સર્જ્યું છે. ચીનમાં કોરોનાના નવા કેસમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી ત્યાંના બજારો બંધ થઈ રહ્યા છે ત્યારે બેઈજિંગની દવા બનાવતી કંપની સિનોવેક બાયોટેક એક સારા સમાચાર લઈ આવી છે. આ કંપની કોરોના વાયરસ માટે જે વેક્સિન બનાવી રહી છે તેના હ્યુમન ટ્રાયલના પરિણામો સુરક્ષિત અને સકારાત્મક આવ્યા છે.

કંપનીના કહેવા પ્રમાણે આ વેક્સિન કોરોના વાયરસ સામેની લડાઈમાં આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારી શકે છે. આ વેક્સિનનું નામ 'કોરોનાવેક' રાખવામાં આવ્યું છે અને કંપનીના કહેવા પ્રમાણે તેના પરીક્ષણ દરમિયાન કોઈ મોટો કે ખતરનાક પ્રભાવ નથી જણાયો.

સિનોવેક બાયોટેકના પ્રવક્તાએ જણાવ્યું કે, ૧૪ દિવસની અંદર આ વેક્સિનના બે ડોઝ પરીક્ષણમાં સામેલ લોકોને આપવામાં આવ્યા હતા પરંતુ તેમના પર કોઈ નકારાત્મક અસર નહોતી પડી. આ ટ્રાયલમાં સામેલ થયેલા ૯૦ ટકા લોકોની શારીરિક પ્રતિકારક શક્તિમાં વધારો નોંધાયો હતો. કંપનીના પ્રવક્તાએ ચીનમાં બે તબક્કામાં કોરોનાવેકની ટ્રાયલ કરાઈ હોવાની માહિતી આપી હતી. તેમાં ૧૮થી લઈને ૫૯ વર્ષની ઉંમર ધરાવતા ૭૪૩ સ્વસ્થ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. ટ્રાયલના પહેલા તબક્કામાં ૧૪૩ અને બીજા તબક્કામાં ૬૦૦ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. જે લોકોને ૨૮ દિવસના અંતરાલ બાદ વેક્સિન આપવામાં આવી હતી તેમના પરિણામો હજુ બાકી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા : ૫૧૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૪૧૦૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૨૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૩૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૬૬૭૨**

## સતત નવમા દિવસે પેટ્રોલમાં ૪૮ પૈસા અને ડિઝલમાં ૫૯ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૧૫

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો ચાલુ છે. લગાતાર નવમાં દિવસે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધ્યા છે. ઓઈલ કંપનીઓએ સોમવારે પેટ્રોલના ભાવમાં ૪૮ પૈસા અને ડીઝલના ભાવમાં ૫૯ પૈસાનો વધારો કર્યો છે. આ વધારા સાથે રાજધાની દિલ્હીમાં લોકોને હવે પેટ્રોલ પ્રતિ લીટર ૭૬.૨૬ રૂપિયે પડશે અને ડીઝલ માટે ૭૪.૬૨ રૂપિયા પ્રતિ લીટર ચૂકવવા પડશે.

કોરોના સંકટને જોતા લગાવવામાં આવેલા લોકડાઉનમાં ઢીલ મળતાની સાથે જ ઓઈલ કંપનીઓએ પણ પેટ્રોલ ડીઝલના ભાવ વધારવાના શરૂ કરી દીધા છે. છેલ્લા નવ દિવસમાં સતત ભાવ વધી રહ્યાં છે. રવિવારે પેટ્રોલમાં ૬૨ પૈસા અને ડીઝલમાં ૬૪ પૈસાનો વધારો થયો હતો. એ જ રીતે શનિવારે પણ ક્રમશ ૫૯ પૈસા અને ૫૮ પૈસા વધ્યા હતાં.

મુંબઈમાં હવે પેટ્રોલ ૮૩.૧૭ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૭૩.૨૧ રૂપિયા પ્રતિ લીટર થયું છે. જ્યારે ચેન્નાઈમાં લોકોએ એક લીટર પેટ્રોલ માટે ૭૯.૯૬ રૂપિયા અને ડીઝલ માટે ૭૨.૬૯ રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે કોલકાતામાં પેટ્રોલનો ભાવ ૭૮.૧૦ રૂપિયા અને ડીઝલનો ભાવ ૭૦.૩૩ રૂપિયા થયો છે. સાત જૂનથી ઓઈલના ભાવ સતત વધી રહ્યાં છે.

અત્રે જણાવવાનું કે કોરોના સંકટ દરમિયાન ક્રુડ ઓઈલના ભાવમાં ખુબ ઘટાડો થયો હતો. પરંતુ સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી વધી હતી. આ ઉપરાંત કેટલાક રાજ્યોએ સ્થાનિક કરમાં પણ વધારો કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# બોલિવુડમાં આત્મહત્યા : ચમકદાર જીવન પાછળનો ગાઢ અંધકાર

જાણીતા અભિનેતા સુશાંતસિંહ રાજપૂતે બાંદ્રાના પોતાના ઘરમાં આત્મહત્યા કરી. આત્મહત્યાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી.બાંદ્રા પોલીસસ્ટેશનમાં સુશાંતસિંહ રાજપૂતના નોકરે આ અંગે જાણકારી આપી છે. ટીવીથી પોતાની કારકિર્દીની શરૂઆત કરનારા સુશાંતસિંહ રાજપૂતે હાલનાં કેટલાંક વર્ષોમાં મોટા પડદે પોતાની ઉલ્લેખનીય હાજરી નોંધાવી છે.બિહારના પટણામાં જન્મેલા સુશાંતની ફિલ્મી કારકિર્દી સારી ચાલી રહી હતી. પોતાની કારકિર્દીમાં તેમણે એમ.એસ. ધોની જેવી હિટ ફિલ્મ આપી હતી.ફિલ્મી દુનિયામાં પગ મૂક્યો એ પહેલાં સુશાંત થિયેટર અને ટીવી પર ખૂબ લોકપ્રિય બની ગયા હતા.સુશાંતસિંહ પહેલાં પણ ઘણા ફિલ્મી સ્ટાર્સે પોતાનું જીવન અવેળાએ ખતમ કરી લીધું.આમ તો આત્મહત્યા કરવાનું ચલણ સમાજનાં દરેક તબક્કાના લોકોમાં જોવા મળતું હોય છે આમ તો માણસની જીજીવિષા બહુ પ્રબળ હોય છે તે ગમે તેવી મુશ્કેલીમાં પણ પોતાનો જીવ જાય તેવું ચાહતો હોતો નથી પડકારજનક સ્થિતિઓમાં લોકો જીવતા બહાર આવ્યાના અનેક ઉદાહરણ છે પણ માણસ પાછો સંવેદનશીલ જીવ પણ છે અને ક્યારેક તેની આ લાગણીઓન કારણે તે અમુક નબળી પળે તે પોતાના જીવનનો અંત લાવતા પણ પાછો પડતો નથી અને આ માનસિક પરિસ્થિતિ દરેક વ્યક્તિની છે તેમાં કારખાનામાં કામ કરતો મજુર અને કરોડપતિનો સમાવેશ થાય છે.સુશાંતસિંહને આપણે એક સફળ અભિનેતા તરીકે ઓળખીએ છીએ પણ તેના પરિવાર અને મિત્રોના જણાવ્યાનુસાર તે ડિપ્રેશનની સારવાર લઈ રહ્યો હતો.બોલિવુડ ચમકદાર છે પણ અહી સફળતા જાળવી રાખવી બહુ મુશ્કેલ હોય છે અહી દરેક કલાકારને શુક્રવારે શુ થશે તેની ભીતિ રહેતી હોય છે કારણકે અહી નિષ્ફળતા એટલે બહાર ફેંકાઈ જવું.એકવાર લાઈમ લાઈટથી દુર ગયા પછી દિગ્ગજ કલાકારોનો પણ કોઈ ભાવ પુછતું નથી અહી માત્ર ઉગતા સુર્યની જ પુજા થાય છે તેવામાં કલાકારો હંમેશા એક ઓથાર હેઠળ જીવતા હોય છે અને તેઓ સતત સફળતા પામવા માટે પ્રયાસરત રહે છે અને તેમાં ઘણાને સફળતા મળે છે અને અમુકને નથી મળતી આવામાં તે ડિપ્રેશ રહે તે સ્વાભાવિક હોય છે અને આ જ પ્રકારના ડિપ્રેશને બોલિવુડનાં અનેક કલાકારોને આત્મહત્યાના માર્ગે દોર્યા છે.સુશાંત પહેલો નથી જેણે પોતાનુ જીવન આમ અકાળે ટુંકાવી દીધુ હોય.

ગુરુદત્ત – ગુરુદત્ત ૫૦ અને ૬૦ના દાયકામાં ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ કલાકાર મનાતા હતા.એક સારા નિર્દેશક સિવાય એક સારા અભિનેતા તરીકે પણ તેઓ ઓળખાતા હતા. ઑક્ટોબર ૧૯૬૪માં મુંબઈના પેડ્ડર રોડ વિસ્તાર સ્થિત પોતાના ઍપાર્ટમૅન્ટમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા.તેમનું મૃત્યુ વધારે પ્રમાણમાં દારૂ અને ઊંઘની ગોળી ખાવાના કારણે થયું હતું.

મનમોહન દેસાઈ – હિંદી ફિલ્મોના સફળ ફિલ્મકારોમાંથી એક ગણાતા મનમોહન દેસાઈએ ઘણી કૉમર્શિયલ ફિલ્મો બનાવી હતી.બૉક્સ-ઑફિસ પર તેમની કેટલીક સફળ ફિલ્મો હતી – 'અમર અકબર એન્થની', 'કૂલી' અને 'મર્દ'. ૧૯૭૯માં તેમનાં પત્નીનું મૃત્યુ થયું હતું. ૧૯૯૨માં તેઓ નંદા સાથે સંબંધમાં બંધાયા અને એ સંબંધ તેમના મૃત્યુ સુધી ચાલ્યો હતો.મસાલા ફિલ્મોના બાદશાહ તરીકે ઓળખાતા મનમોહન દેસાઈની ફિલ્મો ફ્લોપ જવા લાગી. માર્ચ ૧૯૯૪માં પોતાના ફ્લેટની બાલ્કનીમાંથી તેમણે કૂદકો લગાવ્યો હતો જેમાં તેમનુ મોત થયું હતું.

દિવ્યા ભારતી – બોલીવૂડનાં ચર્ચિત અભિનેત્રી દિવ્યા ભારતીનું મોત ખૂબ શંકાસ્પદ હતું. તેમના પતિ સાજિદ નાડિયાદવાલાના જણાવ્યા પ્રમાણે દિવ્યા ભારતીએ પાંચમા ફ્લોર સ્થિત ઍપાર્ટમેન્ટ પરથી છલાંગ લગાવી હતી.

૫ એપ્રિલ ૧૯૯૩ના રોજ એ ઘટના ઘટી હતી. એ સમયે દિવ્યા ભારતી માત્ર ૧૯ વર્ષનાં હતાં. તે સમયે તેમણે ૧૪ ફિલ્મોમાં કામ પણ કરી લીધું હતું.

સિલ્ક સ્મિતા – સિલ્ક સ્મિતાનું અસલી નામ વિજયલક્ષ્મી હતું. તેઓ અનાથ હતાં અને આંધ્ર પ્રદેશમાં એક મહિલાએ દત્તક લીધાં હતાં.૧૬ વર્ષની ઉંમરે સિલ્ક સ્મિતા પોતાનાં માતા સાથે મદ્રાસ ગયાં હતાં. મેકઅપ આર્ટિસ્ટ તરીકે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગ મૂક્યા બાદ સિલ્ક સ્મિતા ધીમે ધીમે ફિલ્મોમાં કામ કરવા લાગ્યાં હતાં.તેમને વૅમ્પનો રોલ મળવા લાગ્યો. સપ્ટેમ્બર ૧૯૯૬માં સિલ્ક સ્મિતા પોતાનાં ચેન્નાઈ સ્થિત ફ્લેટમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતાં.

રીમ કપાડિયા – રીમ કપાડિયા ડિમ્પલ કપાડિયાનાં નાના બહેન હતાં. કેટલીક હિંદી ફિલ્મોમાં તેમણે કામ કર્યું હતું. તેમાંથી એક ફિલ્મ હવેલી પણ હતી, જેમાં રાકેશ રોશન અને માર્ક ઝુબૈર સાથે પડદા પર જોવા મળ્યાં હતાં.

વર્ષ ૨૦૦૦માં લંડનમાં તેઓ મૃત અવસ્થામાં મળી આવ્યાં હતાં. એવું માનવામાં આવતું હતું કે તેમણે આત્મહત્યા કરી હતી. પરંતુ કંઈ સ્પષ્ટ થયું ન હતું.

પરવીન બૉબી – હિંદી ફિલ્મોમાં સફળ અભિનેત્રીઓમાંથી એક પરવીન બૉબી વર્ષ ૨૦૦૫માં પોતાના ઍપાર્ટમેન્ટમાંથી મૃત અવસ્થામાં મળી આવ્યાં હતાં.

તેઓ લાંબા સમયથી એકલાં રહેતાં હતાં અને દુનિયા સાથે તેમનો કોઈ સંપર્ક ન હતો. પાડોશીઓએ જણાવ્યું હતું કે લાંબા સમયથી તેમણે ઘરની બહાર પડેલા ન્યૂઝપેપર પણ લીધા નથી, જ્યારબાદ તેમનાં ઍપાર્ટમૅન્ટમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૬/૦૬/૨૦૨૦, મંગળવાર, જેઠ વદ-૧૧
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૩૧, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૯-૨૬થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૯ સુધી, ૧૬-૧૦થી શુભ-૧૭-૫૦ સુધી, ૨૦-૫૦થી લાભ-૨૨-૧૦ સુધી, ૨૩-૨૯થી શુભ-અમૃત-ચલ ૨૭-૨૬ સુધી

- શુભ હોરા-
૮-૧૯થી ૧૧-૪૦ સુધી,૧૨-૪૮થી ૧૩-૫૫ સુધી,૧૬-૧૦થી ૧૯-૩૧ સુધી,૨૦-૨૪ થી ૨૧-૧૭ સુધી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૦૬ અને ચાંદીમાં રૂ.૧,૦૭૩નો ઘટાડોઃ ક્રૂડ તેલ પણ ઢીલું

## કોટનમાં સેંકડા ઘટ્યાઃ કપાસમાં બેતરફી વધઘટઃ સીપીઓ, એલચીમાં નરમાઈનો માહોલ

મુંબઈ, તા.૧૫

કોમોડિટી વાયદા બજાર એમસીએક્સ પર સોમવારે સાંજે છ વાગ્યા સુધીમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૬ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૦૭૩ ઘટ્યો હતો. બિનલોહ ધાતુઓ સાર્વત્રિક ઘટી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા હતા. કપાસમાં બેતરફી વધઘટ હતી. એલચી, સીપીઓ, મેન્થા તેલમાં ઘટાડો વાયદાના ભાવમાં થયો તો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭,૧૯૯ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૨૪૬ અને નીચામાં રૂ. ૪૬૬૧૦ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૦૬ ઘટીને રૂ. ૪૬,૬૨૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૫૩ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭,૮૨૦ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૬૮૮ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭૪ ઘટીને બંધમાં રૂ. ૪૬,૬૫૧ ના ભાવ રહ્યા હતા. સોનાનો દૂર ડિલિવરીનો ઓક્ટોબર વાયદો રૂ.૭૧૧ ઘટી રૂ.૪૬,૭૯૨ થયો હતો, જ્યારે ગોલ્ડ-ગિનીનો દૂર ડિલિવરીનો સપ્ટેમ્બર વાયદો અપવાદરૂપ રૂ.૨૬૯ વધી રૂ.૩૮,૪૦૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૭,૫૩૩ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭,૫૩૩ અને નીચામાં રૂ. ૪૬,૫૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧,૦૭૩ ઘટીને રૂ. ૪૬,૬૧૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૧,૦૩૯ ઘટીને રૂ. ૪૭,૦૧૫ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૧,૦૨૩ ઘટીને રૂ. ૪૭,૦૨૫ બંધ રહ્યા હતા. ચાંદીનો દૂર ડિલિવરીનો સપ્ટેમ્બર વાયદો રૂ.૧,૦૫૦ ઘટી રૂ.૪૭,૪૭૮, ચાંદી-મિનીનો દૂર ડિલિવરીનો ઓગસ્ટ વાયદો રૂ.૧,૦૬૭ ઘટી રૂ.૪૭,૬૦૮ અને ચાંદી-માઈક્રોનો દૂર ડિલિવરીનો નવેમ્બર વાયદો રૂ.૧,૦૧૨ ઘટી રૂ.૪૮,૩૦૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨,૬૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૭૨૮ અને નીચામાં રૂ. ૨૬૧૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૯ ઘટીને રૂ. ૨૬૫૯ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનો દૂર ડિલિવરીનો ઓગસ્ટ વાયદો સૌથી ઓછો રૂ.૪ ઘટી રૂ.૨,૭૮૧ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસનો જૂન વાયદો રૂ.૧૩૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૫૦ ઘટી રૂ.૧૩૧.૭૦ થયો હતો, જ્યારે દૂર ડિલિવરીનો ઓગસ્ટ વાયદો સૌથી વધુ રૂ.૨.૭૦ ઘટી રૂ.૧૪૨.૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૩૫૦ અને નીચામાં રૂ. ૧૬૦૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૧૦ ઘટીને રૂ. ૧૬૦૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. કોટનનો દૂર ડિલિવરીનો ઓગસ્ટ વાયદો રૂ.૧૬,૫૯૦ ખૂલી, ઊપરમાં તે જ સ્તરે અને નીચામાં રૂ.૧૬,૩૮૦ બોલાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૦૦ ઘટી રૂ.૧૬,૩૮૦ના ભાવે સાંજે ટ્રેડ થઈ રહ્યો હતો.

સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૮૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૦.૯૦ ઘટીને બંધમાં રૂ. ૬૮૭.૫૦ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૪૦૬.૫૦ ખૂલી, અંતે રૂ. ૪૩.૫૦ ઘટીને રૂ. ૧૪૦૬.૫૦ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૯૮૯.૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૯.૪૦ અને નીચામાં રૂ. ૯૭૯.૨૦ રહી, અંતે રૂ. ૯૮૦ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૨૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૩૨ અને નીચામાં રૂ. ૧૦૨૧.૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦.૫૦ ઘટીને રૂ. ૧૦૨૪ના સ્તરે બંધ રહ્યો હતો.

# ૨૦૨૦માં ત્રણ જ માસમાં ૨૫ સ્કીમને પારદર્શિતાથી મંજૂરી આપતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના કોવિડ-૧૯ના સંક્રમણ સાથે અને સંક્રમણ સામે જીવન પૂર્વવત બનાવવા સાથે દેશને આત્મનિર્ભરતા ના માર્ગે લઈ જવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આત્મનિર્ભર' ભારતના આપેલા કોલને સાકાર કરવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આત્મનિર્ભરતા માટે અગત્યની એવી આંતરમાળખાકીય-ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાની વૃદ્ધિની નેમ પાર પાડવા અમદાવાદ સહિત રાજયના મહાનગરો વિસ્તારોના આયોજનબદ્ધ વિકાસની નવતર કેડી કંડારી છે.પ્રધાનમંત્રીશ્રીએ આત્મનિર્ભર ભારતમાં ઈકોનોમી, ઈન્ફ્રાસ્ટ્રકચર, સીસ્ટમ, ડેમોગ્રાફી અને ડિમાન્ડના પાંચ સ્થંભથી ભારતને આત્મનિર્ભરતાથી વિશ્વગુરૂ બનાવવાની પ્રેરણા આપેલી છે. મુખ્યમંત્રીશ્રીએ આ પાંચસ્થંભના મહત્વપૂર્ણ એવા ઈન્ફ્રાસ્ટ્રકચર-આંતરમાળખાકીય સુવિધાઓનો રાજયના નગરો-મહાનગરોમાં વ્યાપ વિસ્તારી સુઆયોજિત વિકાસ માટે ટાઉન પ્લાનીંગ સ્કીમ્સ મંજૂર કરવાનો વ્યૂહ અપનાવ્યો છે.

તદઅનુસાર, મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરમાં સુઆયોજીત વિકાસ ત્વરિત અને પારદર્શી ઢબે કરવાના અભિગમથી ૭ જેટલી વધુ ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રી ના નેતૃત્વમાં સતત બે વર્ષથી ટાઉન પ્લાનીંગ સ્કીમની મંજુરીની સદી બાદ ત્રીજા વર્ષે પણ ટી.પી. સ્કીમની મંજૂરીનો અવિરત પ્રવાહ ચાલું રહ્યો છે.

૨૦૨૦માં કોરોના વાયરસ સંક્રમણને કારણે લોકડાઉનની સ્થિતિ સર્જાતા પૂર્વેના ત્રણ મહિનામાં જ મુખ્યમંત્રીશ્રીએ ૧૧ ડ્રાફ્ટ ટી.પી., ૧૧ પ્રીલીમીનરી ટી.પી., ૩ ફાઈલન ટી.પી. એમ કુલ મળીને ૨૫ ટી.પી. અને એક ફાયનલ ડી.પી. મંજૂર કરી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સંક્રમણ સામે-કોરોના સાથે સાવચેતીપૂર્વક જીવન વ્યવહારો અને પ્રવૃતિઓ રાબેતા મુજબ કરવાનો રવૈયો અપનાવી જનજીવન પૂર્વવત થાય અને માળખાકીય વિકાસકામો સહિતના કાર્યોમાં નવી ગતિ-નવી દિશા માટે અનલોક-૧ અંતર્ગત શરૂઆતમાં જ આઠ ટાઉન પ્લાનીંગ સ્કીમની પ્રથમ અઠવાડિયામાં મંજુરી બાદ બીજા અઠવાડિયામાં વધુ ૭ ટાઉન પ્લાનીંગ સ્કીમને પરવાનગી આપી છે.મુખ્યમંત્રીશ્રીએ હવે મંજૂર કરેલી ટી.પી. સ્કીમમાં અમદાવાદની છ ડ્રાફ્ટ ટી.પી. તથા એક પ્રીલીમીનરી ટી.પી.નો સમાવેશ થાય છે.

જેમાં કલાણાની ટી.પી.સ્કીમ નં.૩૮૩, ૧૪૦/અ, ૧૪૦/બ, ૧૪૧ અને ૧૪૪ તથા સનાથલની ટી.પી.સ્કીમ નં.૪૦૪ (બી) ના ડ્રાફ્ટને મંજૂરી તથા ટી.પી.સ્કીમ નં.૩૬ (છારોડી)ની પ્રીલીમીનરી મંજૂરી મુખ્યમંત્રીશ્રીએ આપી છે. અમદાવાદ-ઔડા વિસ્તારની છ ડ્રાફ્ટ સ્કીમ મંજૂર થતા ખાસ કરીને કલાણાના ગામતળ એક્સટેન્સન તથા ઔદ્યોગિકનો ઘણો મોટો વિસ્તાર તેમજ સનાથલના શહેરથી થોડે દૂરના અંતરોના ગામોમાં વિકાસની વધુ તકો ઉપલબ્ધ થઈ છે તથા આશરે ૬૦૦ હેકટર્સ જમીનના આયોજનને આખરી ઓપ મળ્યો છે.

અમદાવાદ-ઔડા વિસ્તારની છ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમથી સત્તામંડળને ૨૧૫ જેટલા જાહેર હેતુની પ્લોટો સંપ્રાપ્ત થશે. આવા જાહેર હેતુના સંપ્રાપ્ત થનારા પ્લોટોમાં આર્થિક અને સામાજીક રીતે નબળા વર્ગના લોકોના રહેઠાણ (જીઈડબ્લ્યુએસ) માટે આશરે ૨૫.૬૫ હેકટર્સ જમીન, બગીચા/ખુલ્લી-જગ્યા/રમત-ગમતના મેદાન વિગેરે માટે આશરે ૨૨.૦૦ હેકટર્સ જમીન તેમજ સામાજીક માળખા માટે આશરે ૨૬.૨૦ હેકટર્સ તથા આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવા વેચાણ માટે લગભગ ૬૮.૦૦ હેકટર્સ જમીન ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રીશ્રીએ ડ્રાફ્ટ સ્કીમના રસ્તાઓનું પણ ઝડપથી અમલીકરણ કરી ઈન્ફ્રાસ્ટ્રકચરના કામોને પ્રાધાન્ય આપવા પણ તાકીદ કરી છે.

સી.એમ-પીઆરઓ/અરૂણ

# દિયોદર તાલુકાનું સોની કેન્દ્ર ધોરણ-૧૨ (સા.પ્ર.)ના પરિણામમાં ૯૭.૭૬ ટકા સાથે રાજયમાં પ્રથમસ્થાને

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાજય સરકારના વિવિધ અભિયાનોથી જિલ્લાના લોકોમાં નોંધપાત્ર જાગૃતિ આવી રહી છે. ભૂતકાળમાં શૈક્ષણિક રીતે પછાત ગણાતો બનાસકાંઠા જિલ્લો હવે રાજય કક્ષાએ પ્રથમ હરોળમાં સ્થાન મેળવતો થયો છે. છેલ્લા દોઢેક દાયકામાં બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવી રહ્યું છે. આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત રાજયનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૬.૨૯ ટકા છે જયારે બનાસકાંઠા જિલ્લાનું ૮૫.૬૬ ટકા પરિણામ આવ્યું છે. જેની સામે બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સોની કેન્દ્રનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૭.૭૬ ટકા સાથે સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત- કરીને રાજય કક્ષાએ જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. શ્રી બી. વી. પટેલ વિદ્યાલય, સોની કેન્દ્રમાં કુલ-૩૧૩ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ (સા.પ્ર.)ની પરીક્ષા આપી હતી જેમાંથી ૩૦૬ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થતાં આ કેન્દ્રનું રાજયમાં સૌથી ઉંચું પરિણામ આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં કુલ-૨૦,૧૦૩ વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં હતા. ધોરણ-૧૨ (સા.પ્ર.) ની કુલ- ૨૦,૦૫૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૭,૧૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. સોની શ્રી બી.વી.પટેલ વિદ્યાલયના શિક્ષકશ્રી પ્રકાશભાઈ ચૌધરીએ જણાવ્યું કે, સમગ્ર ગુજરાતમાં અમારા સોની કેન્દ્રનું પરિણામ સૌથી ઉંચું આવ્યું છે જે અમારા માટે ખુબ આનંદના સમાચાર છે.

તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે શિક્ષકો સતત મહેનત કરી તેઓને તૈયાર કરે છે તેઓની મહેનત આજે ઉગી નીકળી છે. શાળાના આચાર્યશ્રી વાઘાજીભાઈ પટેલે વિદ્યાર્થીઓ અને શિક્ષકશ્રીઓને અભિનંદન આપી તેમની મહેનતને બિરદાવી, વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છા પાઠવી હતી.

# શામળાજી પોલીસે ટ્રકમાં ડાંગરના ભૂંસાની આડમાં ભરેલ ૧૦.૨૯ લાખના દારૂ સાથે ૧ ઝડપ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનની સ્થિતિમાં આવશ્યક ચીજવસ્તુઓની આડમાં લાખ્ખો-કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવ્યા બાદ બુટલેગરો વિવિધ વાહનો મારફતે રાજયમાં દારૂ ઠાલવી રહ્યા છે બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા સિલ્ક રૂટ તરીકે જાણીતી રતનપુર ચેકપોસ્ટ પર શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે બુટલેગરો નીતનવા નુસ્ખા અપનાવી રાજયમાં દારૂ ઠાલવવા મરણીયા બન્યાં છે શામળાજી પોલીસે બુટલેગરોનો વિદેશી દારૂ ઘુસાડવાનો વધુ એક કિમીયો નિષ્ફળ બનાવી ટ્રકમાંથી ડાંગરના ભૂંસાની આડમાં સંતાડેલ રૂ.૧૦.૨૯ લાખ રૂપિયાનો વિદેશી દારૂ સાથે ટ્રક ચાલક બુટલેગરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે રાજયમાં દારૂબંધી કહેવા પૂરતી રહી ગઈ હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે

શામળાજી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ કે.કે.રાજપુત અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતાં વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા રાજસ્થાન બાજુથી ડાંગરનું ભુસુ ભરી આવતા ટ્રક (ગાડી.નં-RJ.19.GA.3035) ની શંકાસ્પદ ઝડપ જોઈ પોલીસે અટકાવી તલાસી લેતા ડાંગરનું ભુસુ હટાવતા ટ્રકમા ભરેલી વિદેશી દારૂની પેટી-૨૬૮ કુલ બોટલ નંગ-૩૨૧૬ કીં .રૂ.૧૦૨૯૧૨૦/- નો જથ્થો જપ્ત કરી ટ્રક, મોબાઈલ -૨ મળી કુલ રૂ.૨૦૩૨૬૨૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક ઉધરામ હરજીરામ બિશ્નોઈ (રહે,ભાટીપ, ઝાલોર-રાજસ્થાન)ની ધરપકડ કરી ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## છેલ્લા દશ વર્ષથી લોકો બ્રીજની ઝંખના કરે છે

# કોંગ્રેસે લોકોની માંગણી પૂર્ણ કરી-લોકોની સુખાકારી માટે બ્રીજ બનાવ્યો છેઃ વશરામભાઈ સાગઠીયા

રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાએ જણાવ્યું છે કે રાજકોટ શહેરમાં રામનાથપરા વિસ્તારમાંથી ચુનારાવાડ,દૂધસાગર રોડ વિસ્તારમાં આવવા-જવા માટે આજી નદી ઉપર બેઠો પુલ આવેલો છે તે પુલ શહેરના વધતા જતા વાહનો અને વાહનની અવરજવર માટે પુરતો ન હોય માટે વર્ષ ૨૦૧૩માં વોર્ડ નં.૧૬,૮ અને ૧૭ ના કોર્પોરેટરો વશરામભાઈ સાગઠીયા, પ્રવીણભાઈ રાઠોડ, કેયુરભાઈ મસરાણી, શરદભાઈ તલસાણીયા, મુક્તાબેન સોલંકી, પ્રીતિબેન દેસાઈ, વર્ષાબેન સોલંકી દ્વારા પ્રજાહિતમાં બ્રીજ બનાવવા માંગણી કરવામાં આવેલ હતી તેમજ છેલ્લા ૫(પાંચ) વર્ષથી સતત મ્યુનિસિપલ કમિશ્નર ઉપર લેખિત-મૌખીક રજુઆતો, આંદોલન-ધરણા અને ઉપવાસ ગાંધીચિંધ્યા રાહે દેખાવો કરી તંત્ર ઉપર પ્રજાની સુખાકારી અર્થે દબાણ લાવવા વિપક્ષીનેતા વશરામભાઈ સાગઠીયાની આગેવાનીમાં



કોંગ્રેસના કોર્પોરેટરો અને આગેવાનોના સહકારથી આ ઓવરબ્રીજ વર્ષ ૨૦૧૬માં મંજુર કરાવી કોંગી કોર્પોરેટરોના પ્રયાસથી ભાજપ અને કોંગ્રેસના આગેવાનો દ્વારા આ બ્રીજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ બ્રીજનું કામ વર્ષ ૨૦૧૮માં પૂર્ણ કરવાનું હતું પરંતુ યેનકેન પ્રકારે આ કામ પ્રત્યે ભાજપના શાસકો અને અધિકારીઓ દ્વારા ધ્યાન ન આપતા કોંગ્રેસના કોર્પોરેટરોએ વારંવાર કમિશ્નરને આગેવાનો દ્વારા તેમજ પ્રેસ મીડિયાના મિત્રો દ્વારા દબાણ કરતા અંતે ચાર વર્ષે આ કામ પૂર્ણ થયું છે. છેલ્લા દસ દિવસથી બ્રીજના લોકાર્પણની રાહ જોતા કોંગ્રેસના આગેવાનો અને સામાકાંઠાના પ્રજાજનો ને સાથે રાખી આ બ્રીજનું ઓપનીગ આજે સવારે ૧૦:૦૦ કલાકે વોર્ડ નં.૧૫ના કોંગ્રેસ પ્રમુખ શ્રી વાસુદેવભાઈ ભમ્ભાની, વશરામભાઈ ચાંડપા, રામભાઈ હેરભા, અકબરભાઈ પતાણીના વરદ હસ્તે રીબીન કાપી આ બ્રીજ પ્રજાની સુખાકારી માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.

આ તકે વિસ્તારના લોકો દ્વારા કોંગ્રેસના કોર્પોરેટરશ્રીઓને ફૂલહાર પહેરાવ્યા હતાં અને લોકોમાં આંનદની લાગણી ફેલાઈ હતી આ પ્રસંગે કોર્પોરેટરશ્રી વશરામભાઈ સાગઠીયા, મકબુલભાઈ દાઉદાણી, પ્રવીણભાઈ સોરાણી દ્વારા લોકોને મોઢા મીઠા કરાવ્યા હતાં.

આ તકે ઉપસ્થિત કોંગ્રેસ આગેવાનો નરેશભાઈ પરમાર, હીરાલાલ પરમાર, પરેશભાઈ સોલંકી, સુરેશભાઈ મકવાણા, ફેસલભાઈ માજોઠી, બિલાલ ઉઠમણા, દિલાવરભાઈ, દાઉદભાઈ સંધી, અલ્તાફભાઈ રાઉમા, સાજીદભાઈ બલોચ, ભીખુભાઈ રાઉમા, રામઈકબાલ યાદવ, દિનેશભાઈ ભૈયા, બજરંગીભાઈ, સંદીપભાઈ, ગૌતમભાઈ, સુરેશભાઈ પ્રજાપતિ, સહિતના આગેવાનો, વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં તેવું કોંગ્રેસ કાર્યાલયમંત્રી વિરલ ભટ્ટની અખબારી યાદી જણાવે છે.

(વિરલ ભટ્ટ)

### અમરેલી ચક્કરગઢ રોડ ઉપર આવેલ ફ્લેટમાં તથા કેરીયાચાડ ગામે દરોડા પાડી

# ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડતી અમરેલી એલ.સી.બી



અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ?ત રાય સાહેબ નાઓએ અમરેલી જિલ?લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન?વયે અમરેલી એલ.સી.બી ના ઇન?ચાર્જ પો.ઇન?સ શ્રી આર.કે.કરમટા તથા પો.સ.ઇ શ્રી પી.એન.મોરી ની રાહબરી નીચે અમરેલી એલ.સી.બી ટીમે અમરેલી તાલુકા પોલીસ સ?ટેશન વિસ?તારમાં બે અલગ અલગ જગ્યાએ રેઇડો કરી ત્રણ ઇસમોને ભારતીય બનાવટનાં વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડેલ છે.

૧ અમરેલી ચક્કરગઢ રોડ પર આવેલ સંસ?કાર કોમ?પ?લેક્સમાં આવેલ ફ્લેટમાં કરેલ રેઇડની વિગતઃ-

પકડાયેલ આરોપીઃ-

બિપીનભાઇ ઉર્ફે ભુરો રમેશભાઇ બોઘરા, ઉ.વ.૨૮, રહે.અમરેલી, ચકકરગઢ રોડ, સંકુલ પાસે

પકડાયેલ મુદામાલ-

ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ-૮, કિં.રૂ.૨૪૦૦/- તથા બે મોબાઇલ ફોન કિં.રૂ.૫૫૦૦/- મળી કુલ કિં.રૂ.૭૯૦૦/- નો મુદ્દામાલ

પકડાયેલ ઇસમને આ ભારતીય બનાવટના વિદેશી દારૂ અંગે પુછપરછ કરતાં આ દારૂ કેરીયા ચાડ ગામના ભયલુભાઇ ભાભલુભાઇ ધાખડા પાસેથી ફોન પર વાતચીત કરી મંગાવેલ હોવાનુ જણાવેલ. જેથી કેરીયાચાડ ગામે રેઇડ કરેલ.

૨ અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામે કરેલ રેઇડની વિગતઃ-

પકડાયેલ આરોપીઃ-

૧ ભયલુભાઇ ભાભલુભાઇ ધાખડા ઉ.વ.૨૫ રહે.કેરીયાચાડ તા.જિ.અમરેલી

૨?? ભયકુભાઇ વલ્કુભાઇ ધાખડા ઉ.વ.૨૭ રહે.નાની ધારી, તા.ખાંભા, જિ.અમરેલી, હાલ રાજકોટ, હુડકો ચોકડી પાસે, રણુજા નગર

પકડાયેલ મુદામાલ-

ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન?ડની બોટલો નંગ-૮૦, કિં.રૂ.૨૫,૭૬૦/- તથા બે મોબાઇલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/- તથા નંબર પ્લેટ વગરની ટાટા અલ્ટોઝ સફેદ કલરની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૫,૩૫,૭૬૦/- નો મુદ્દામાલ

ઉપરોક્ત વિગતે બંને જગ્યાએથી રેઇડ દરમ?યાન પકડાયેલ પ્રોહી મુદ્દામાલ તથા આરોપીઓને અમરેલી તાલુકા પોલીસ સ?ટેશન માં સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ?ત રાય સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ અમરેલી એલ.સી.બી ઇન?ચાર્જ પો.ઇન?સ શ્રી આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી પી.એન.મોરી તથા એલ.સી.બી ટીમ★દ્વારા કરવામા આવેલ છે.

રિપોર્ટર.... ભરતભાઈ ખુમાણ અમરેલી

# વલસાડમાં દોઢ માસ પછી શરૂ થયું જનસેવા કેન્દ્ર ઓનલાઈન બૂકીંગ કરનારને જ મળશે દાખલો

સતિષ પટેલ વલસાડ

વૈશ્વિક મહામારી કોરોનાને લઈને દરેક સરકારી કચેરીઓ બંધ કરવામાં આવી હતી. જેને પગલે આવક અને જાતિના દાખલાઓ મેળવવા માટે શરૂ કરવામાં આવેલું જનસેવા કેન્દ્ર પણ ગત તારીખ ૨૧ માર્ચમાં બંધ કરી દેવામાં આવ્યું હતું. જે બાદ ૧૫ જૂનથી આ જનસેવા કેન્દ્ર રાબેતા મુજબ શરૂ કરવામાં આવ્યું છે.

વૈશ્વિક મહામારી કોરોનાને લઈને દરેક સરકારી કચેરીઓ બંધ કરવામાં આવી હતી. જેને પગલે આવક અને જાતિના દાખલાઓ મેળવવા માટે શરૂ કરવામાં આવેલું જનસેવા કેન્દ્ર પણ ગત તારીખ ૨૧ માર્ચમાં બંધ કરી દેવામાં આવ્યું હતું, જે બાદ ૧૫ જૂનથી આ જનસેવા કેન્દ્ર રાબેતા મુજબ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ અહી દાખલા મેળવવા આવનાર ગ્રાહકે અગાઉથી ઓનલાઈન અરજી કરવી પડશે. રોજિંદા ૨૦૦ જેટલા ગ્રાહકોને જરૂરિયાત મુજબના દાખલા કાઢી આપવામાં આવી રહ્યા છે. સોમવારે પ્રથમ દિવસે અનેક લોકો ઉત્સાહભેર જનસેવા કેન્દ્ર આવક અને જાતિના દાખલા મેળવવા માટે પહોંચ્યા હતા.

વલસાડમાં દોઢ માસ પછી શરૂ થયું જનસેવા કેન્દ્ર, ઓનલાઈન બુકીગ કરનારને જ મળશે દાખલોકોરોનાની મહામારી ગત તારીખ ૨૧ માર્ચના રોજથી જન સેવા કેન્દ્ર બંધ કરી દેવામાં આવ્યું હતું, જે સોમવારે દોઢ માસ બાદ ૧૫ જુનના રોજ રાબેતા મુજબ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સોશિયલ ડિસ્ટન્સ તેમજ સેનીટાઇઝરનો ઉપયોગ કરીને ગ્રાહકોને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. મહત્વનું છે કે, એક દિવસમાં કુલ ૨૦૦ જેટલા ગ્રાહકોને જ આવક અને જાતિના દાખલા ઓ જન સેવા કેન્દ્ર પરથી મળી શકશે અને તે માટે તમામ ગ્રાહકો એ અગાઉથી ઓનલાઇન બૂકિંગ કરવાનું રહેશે.વલસાડમાં દોઢ માસ પછી શરૂ થયું જનસેવા કેન્દ્ર, ઓનલાઈન બુકીગ કરનારને જ મળશે દાખલોવલસાડમાં દોઢ માસ પછી શરૂ થયું જનસેવા કેન્દ્ર, ઓનલાઈન બુકીગ કરનારને જ મળશે દાખલોડિજિટલ ગુજરાત વેબસાઇટ ઉપરથી આ બૂકિંગ ગ્રાહકોએ કરવાનું રહેશે જન સેવા કેન્દ્ર મેનેજરે જણાવ્યું કે, આ પ્રથમ દિવસે જન સેવા કેન્દ્ર ખુલતાની સાથે જ બે દિવસના બુકિંગ ફુલ થઇ ગયા છે. તેમણે કહ્યું કે, દર ૩૦ મિનિટમાં ૧૫ જેટલી એપ્લિકેશનો નીકળી શકે છે, મહત્વનું છે કે, હાલમાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામ આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓને આવક અને જાતિના તેમજ ઉન્નત વર્ગના દાખલાઓ તેમજ ડોમીસાઈલની જરૂર પડતી હોય છે. જેથી કરીને વધુ પડતો ધસારો હાલ જનસેવા કેન્દ્રમાં જોવા મળતો હોય છે, પરંતુ ઓનલાઇન બુકિંગ કર્યા બાદ જ ગ્રાહકોને હવે આવક જાતિ અને ઉન્નત વર્ગના દાખલાઓ લેવા એપોઈન્ટમેન્ટ લેવી પડશે.વલસાડમાં દોઢ માસ પછી શરૂ થયું જનસેવા કેન્દ્ર, ઓનલાઈન બુકીંગ કરનારને જ મળશે દાખલોવલસાડમાં દોઢ માસ પછી શરૂ થયું જનસેવા કેન્દ્ર, ઓનલાઈન બુકીંગ કરનારને જ મળશે દાખલોમહત્વનું છે કે, વલસાડ શહેરી તેમજ આસપાસના વિસ્તારના લોકો જે જાણકાર છે, તે ઓનલાઇન એપોઇન્ટમેન્ટ લીધા બાદ જ આવક અને જાતિના દાખલા લેવા માટે આવે છે, પરંતુ ધરમપુર અને કપરાડા વિસ્તારના અંતરિયાળ ક્ષેત્રના ગ્રામીણના લોકો જેઓને ઓનલાઇન એપોઇન્ટમેન્ટમાં ખબર પડતી નથી તેવા લોકોને હાલ જન સેવા કેન્દ્ર સુધી આવીને પણ ધરમ ધક્કા ખાવાની ફરજ પડી રહી છે. જો કે, કેટલાક લોકો દ્વારા તેમને સમજવામાં પણ આવી રહ્યા છે, આમ ૧૫ જૂનથી જનસેવા કેન્દ્ર રાબેતા મુજબ શરૂ કરવામાં આવ્યું છે.

### અરવલ્લી સમગ્ર રાજયમાં ૮ ક્રમે

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૧.૪૪ ટકા પરીણામ

ગુજરાત રાજય માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૭૬.૨૯ ટકા પરીણામ જાહેર કરવામાં આવ્યું જેમાં અરવલ્લી જિલ્લો ૮૧.૪૪ ટકા પરીણામ સાથે સમગ્ર રાજ્યમાં ૮માં ક્રમે રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧૨ના ઉત્તર બુનિયાદી, વ્યવસાયલક્ષી અને સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૬૭૦૦ વિધાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૧૩ કેન્દ્રોના ૩૨૮ બ્લોકમાં ૬૬૬૧ વિધાર્થીઓ ઉપસ્થિત રહી પરીક્ષા આપી હતી.રાજય માધ્યમિક બોર્ડ દ્વારા પરીણામ જાહેર કરવામાં આવતા જિલ્લાના ૧૩ કેન્દ્રો પૈકી ભિલોડાના વાંકાનેર કેન્દ્રનું સૌથી ઉંચું ૯૭.૨૬ ટકા પરીણામ આવ્યું છે, જયારે જિલ્લાના અન્ય કેન્દ્ર પરીણામવાર વિગત જોઈએ તો ધનસુરાનું ૮૫.૩૦, મોડાસા ૭૫.૯૯, જીતપુર (મરડીયા) ૭૮.૩૯, બાયડ ૬૪.૩૯, સાંઠબા ૮૭.૪૭, જીતપુર (બાયડ) ૯૪.૬૩, મેઘરજ ૮૨.૨૯, ભિલોડા ૮૨.૫૦, વાંકાનેર ૯૭.૨૬, માલપુર ૭૭.૧૪, ઇસરી ૮૭.૩૭ અને શામળાજી કેન્દ્રનું ૮૭.૦૩ ટકા સાથે સમગ્ર જિલ્લાનું ૮૧.૪૪ ટકા પરીણામ સાથે અરવલ્લી સમગ્ર રાજ્યમાં ૮માં ક્રમે રહ્યો છે. જે ગત વર્ષ ૭૧. ૫૦ ટકા પરીણામની સરખામણીએ આ વર્ષે પરીણામ ઉંચુ આવ્યું છે.

જેમાં વિધાર્થીઓ મેળવેલ ગ્રેડ વાર વિગત જોઈએ તો એ-૧માં ૦૧, એ-૨માં ૮૭, બી-૧-૭૭૪, બી-૨માં ૧૮૪૧, સી-૧માં ૧૯૩૬, સી-૨માં ૭૪૧, ડી ગ્રેડમાં ૪૪, ઈ-૧માં ૦૧, જયારે સુધારાની આવશ્યકતા જણાતી હોય તેવા (Needs Improvement) ૧૨૭૫ વિધાર્થીઓનો સમાવેશ થાય છે.





# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ

**ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરીયા**
**નિર્ણાયક : જયશ્રી પટેલ.વંદના વાણી.કિશોર ઠક્કર**
**સહ નિર્ણાયક : આરતી મરચંટ,આરતી રામાણી**
**સહ સંચાલક : પ્રણવ ઝાંખર,મનીષ વોરા**
**સ્પર્ધાનં -૬ સુભાષિતો.....**

---

**દુખિયા આગળ દુઃખ કહો,**
**આધા દુઃખ વો લેત,**
**સુખિયા આગળ દુઃખ કહો,**
**હસ હસ તાલી દેત.**

**અર્થ : દુઃખ ભોગવી ચૂકેલ વ્યક્તિ બીજાનું દુઃખ સમજી શકે છે ,જ્યારે સુખી માણસ બીજાના દુઃખને મજાક બનાવી દે છે.**

**વિસ્તાર : આ સુભાષિતમાં દુઃખનો મહિમા વ્યક્ત કર્યો છે. "સુખ અને દુઃખથી જીવનરૂપી ચક્ર ચાલે છે."દુનિયામાં દરેકની સામે દુઃખ કહેતા ન ફરાય. તેનાથી દુઃખ ઓછુ નહીં પણ વધતુ જાય છે.દુઃખમાંથી પસાર થયેલ વ્યક્તિ સામે આપણે આપણા દુઃખની રજૂઆત કરીએ તો તે આપણા દુઃખમાં સહભાગી થાય છે, આપણી તકલીફને સમજે છે. "દુઃખની કેડીએથી આવેલ,કરે દુઃખનો ઉપાય".આવી વ્યક્તિ હંમેશા આપણા દુઃખમાં આપણી સાથે હિંમત બનીને ઉભો રહે છે અને આપણા દુઃખને અડધુ કરી નાખે છે.**

**પરંતુ આનાથી વિપરીત દુનિયામાં એવી વ્યક્તિ પણ છે કે જેણે ફક્ત સુખ-સાહ્યબી જ જોઈ છે.દુઃખ-તકલીફ સાથે તેનો કોઈ સંબંધ જ નથી હોતો. આવી વ્યક્તિને જો દુઃખ કહીએ તો તે આપણી મૂર્ખામી ગણાય.'આ તો કંઈ તકલીફ છે?' આવુ કહીને તે આપણા દુઃખ પર હસે છે.સાથે લોકોને પણ આપણી તકલીફ જણાવીને સમાજમાં આપણને હસીને પાત્ર બનાવે છે.**

**જેમ કે વૃધ્ધાશ્રમમાં રહેતા દરેક વૃદ્ધ મા-બાપ જ એકબીજાના દુઃખને સમજીને ઓછુ કરી શકે છે,બાકી પુત્રની ઘેલછા રાખનારને આ દુઃખ નથી સમજાતું.**

**" દુઃખી પકડે દુઃખીનો હાથ,**
**સુખી ખેંચે દુઃખીનો પગ".**

**મૈત્રી ઉપાધ્યાય**
**અમદાવાદ**

---

**ન્યુઝ ઓફ ગાંધીનગર**
**સુભાષિત નં-૬**

**દુખિયા આગળ દુઃખ કહો**
**આધા દુઃખ વો લેત;**
**સુખિયા આગળ દુઃખ કહો,**
**હસ હસ તાલી દેત.**

**અહીં સુખ અને દુઃખની વાત કરી છે. જીવનમાં સુખ-દુખ એક સિક્કાની બે બાજુ છે. સુખમાં છલકાઈ ન જવું અને દુઃખમાં રડવું નહીં. જીવનમાં ઘણા પ્રકારના દુઃખ હોય છે જેવા કે સંપત્તિનું, સંતતિનું, પ્રેમનું, સંબંધોનું દુઃખ વિગેરે...દુઃખી લોકોને દુઃખની વાત કરીએ તો તેઓ દુઃખને સમજીને દુઃખી માણસને સહારો આપે છે. સમદુખીયા જ દુઃખ સામે લડવા હિંમત તથા તેની સામે કઈ રીતે લડવું એ શીખવાડે છે.જેથી દુઃખી માણસનું દુઃખ અડધું થઇ જાય છે.**

**રામ સુગ્રીવને મિત્ર માની તેના દુઃખને સમજીને તેના ભાઈ વાલીને યુદ્ધમાં મારી નાખે છે. તેનું સર્વ દુઃખ દૂર કરે છે. આમ દુખિયો માણસ જ દુઃખ સમજી શકે છે. દુઃખી માણસને સહારો જોઈએ છે, દયા નથી જોઈતી.**

**જ્યારે એથી ઉલટું સુખી માણસોને સુખની વાત કરો તો લોહી ચઢે છે. ને દુઃખની વાત કરીએ તો તે દુઃખને સમજી શકતો નથી. ઉપરથી ફક્ત મોટી મોટી સલાહ જ આપી દુઃખી માણસને વધુ દુઃખી કરે છે. તેઓની વાત, વ્યવહાર,આચાર,વિચારમાં સર્વત્ર સુખ જ હોય તેવું વિચારતાં હોય છે. તેમનાં મિત્રો અને સગાંસંબંધીઓ પણ સુખી જ હોય. જ્યાં સુખની રેલમછેલની વાતો કરતાં કરતાં તાળી આપીને ખુશ થાય છે.**

**'મન'**
**મનોજકુમાર પંચાલ પાલનપુર**

---

**ન્યૂઝ ઓફ ગાંધીનગર**
**સ્પર્ધા નંબર : ૬**
**સુભાષિત :**
**દુખિયા આગળ દુઃખ કહો**
**આધા દુખ વો લેત**
**સુખિયા આગળ દુખ કહો**
**હસ હસ તાલી દેત**

**"તાગ પરિસ્થિતિના કંઇ એમ ન મળે**
**આપ ઉપર જો આવે તો જ એ કળે"**

**કોઇપણ વ્યક્તિની; ખાસ કરીને એવા કે જેમના જીવનમાં ડગલે ને પગલે મુસીબતો આવતી હોય કે પછી 'એક સાંધતા તેર તૂટે' એવી પરિસ્થિતિ હોય તેવાની માનસિક પરિસ્થિતિનો અંદાજ કાઢવો કે એમની તકલીફો મહેસૂસ કરવી સહેલી નથી. આવા ને તો એમના જેવા કોઇ સમદુખિયા જ સમજી શકે, તેમને હિંમત આપી શકે અને હા! આવા જ લોકો પૂરેપૂરો સાથ પણ આપે. આમ અરસપરસ બન્નેનું મન હળવું થાય ને જાણે અડધુ દુખ ગયાનો અનુભવ થાય.**

**સુખી માણસો, એવા માણસો કે જેમને દુખ પડ્યુ જ નથી અથવા એવા કે જેઓ પોતાનામાં જ મસ્ત રહેતા હોય; એવા સામે દુખિયારાની વાતોની બહુ અસર નથી થતી, એ તો માત્ર સાંભળીને હાંસી ઉડાવતાં વાતની મજા લે છે કારણકે તેઓ વાતને, દુખને સમજી જ નથી શકતા અને કયાં તો સમજવા નથી માંગતા. આવા લોકોને કારણે દુખિયારા વધુ દુભાય છે.**

**એટલે જ એવું કહેવાય છે કે**
**દુખીના દુખની વાતો**
**સુખી ના સમજી શકે**
**સુખી જો સમજે પુરું**
**દુખ ના વિશ્વમાં ટકે!**

**વૈશાલી જે મહેતા.**

---

**વિભાગ :- ગદ્ય**
**સુભાષિત...**
**દુખિયા આગળ દુઃખ કહો**
**આધા દુઃખ લો લેત**
**સુખિયા આગળ દુઃખ કહો**
**હસ હસ તાળી દેત.....**

**અર્થ....આ સુભાષિત માં કહેવા માગે છે કે આપણી કોઈ પણ તકલીફ એજ માણસ સમજી શકે જેની ઉપર વીતી હોય...જે આપણા જેવો દુઃખી હોય,આપણું દુઃખ એ દુખિયારાને કહીએ તો એ એટલી સારી રીતે સાંભળશે ને આશ્વાસન આપશે કે આપણું અડધું દુઃખ એની વાતો સાંભળીને દૂર થઈ જશે ,આપણને દુઃખ સામે લડવાની હિંમત આવી જશે.કારણકે દુઃખી માણસ જ દુઃખનો અનુભવ કરી ચુક્યો હોય એટલે એ દુઃખની વેદના સારી રીતે સમજી શકે....**

**કોઈ સુખી માણસ આપણો ઓળખીતો હોય ને એને આપણી તકલીફ કહીયે તો એ માણસ આપણું દર્દ નહિ સમજે ઉપરથી આપણી મજાક ઉડાવસે.કારણ કે એને**
**સુખ મળી જવાથી દુઃખનો અહેસાસ એ વ્યકતી કરવા માગતો નથી ને સુખના મધમાં ઘણીવાર દુખિયારાને વધુ દુઃખી કરી મૂકે છે .આવા સુખી માણસ આગળ આપણે ક્યારેય દુઃખ વ્યક્ત કરવું જોઈએ નહી,કારણ કે ઘણીવારએ સુખી માણસ દુઃખની મજાક ઉડાવી આનંદ લેતો હોય છે...એટલેજ તો કહેવું પડે...**

**દુખીયાએ પીધો ઘૂંટડો દુઃખનો,**
**જાણે એનું દર્દ...!!**
**સુખીઓ પીવે સુખનું અમૃત,**
**દુઃખની પરખ એને ક્યાંથી હોય.....!!**

**શીલા પટેલ... ગાંધીનગર....**





# કોરોના મહામારી વચ્ચે પ્રાઈવેટ વાહનચાલકો નો કાળો કારોબાર શરૂ

## કેશોદ માં મુસાફરો પાસેથી બમણું ભાડું વસુલી નિયમો નું પાલન થતું નથી





કેશોદ :(રાજુભાઈ પંડ્યા) કેશોદ શહેરમાં કોરોના મહામારી માં લોકડાઉન ઉઠાવી લેવામાં આવ્યાં બાદ વેપાર ધંધા રોજગાર ચાલું રાખવાનાં સમય સાથે અવર જવર કરવા માટે સવારે પાંચ વાગ્યે થી રાત્રે નવ વાગ્યા સુધી છુટછાટ આપવામાં આવી છે ત્યારે કેશોદ નાં પ્રાઈવેટ વાહનચાલકો ને કાળાબજારીયાઓ ની માફક મુસાફરો ને લુંટવાનો પીળો પરવાનો મળી ગયો હોય એવી સ્થિતિ સર્જાઈ છે. ગુજરાત સરકાર દ્વારા વાહનો માં મુસાફરી દરમિયાન માસ્ક ફરજીયાત કરેલ છે અને પાસીગ કરતાં અડધાં વ્યકિતઓ એ મુસાફરી કરવા છુટછાટ આપી છે. કેશોદ નાં વાહનચાલકો દ્વારા નિયમોનું પાલન કરવા માટે ભાડું બમણું કરી આપ્યું છે પરંતુ પાસીગ કરતાં અડધાં વ્યક્તિઓ બેસાડવા ને બદલે ઠાંસી ઠાંસીને ભરી ઉઘાડી લુંટ ચલાવી રહ્યા છે. વાહનચાલક પોતે જ માસ્ક પહેર્યા વગર ચલાવતાં હોય છે ત્યારે દર ટ્રીપે સેનેટાઈઝ કરવાની વાત તો દુરની છે. સાંજે સાત વાગ્યે વેપાર ધંધા રોજગાર બંધ થાય અને એસટી બસ સેવા બંધ થાય એટલે પ્રાઈવેટ વાહનચાલકો મનફાવે એટલું ભાડું વસુલી મુસાફરો નું શોષણ કરી રહ્યા છે. પ્રાઈવેટ વાહનચાલકો વિરુદ્ધ પગલાં ભરવા ની જવાબદારી જેનાં શિરે છે એ કોઈ કાર્યવાહી કરતાં ન હોવાથી કોઈ જાતનો ડર નથી.

જુનાગઢ જિલ્લા હાઈવે ટ્રાફિક પોલીસ હજું કવોરન્ટાઈન કરવામાં આવ્યાં હોય એમ ક્યાંય કાર્યવાહી કરતાં નજરે પડતાં નથી. કોરોના વાયરસ સંક્રમણ થી ફેલાવાની શક્યતા વધારે છે ત્યારે મુસાફરી કરતાં વાહનો પર નિયમોનું પાલન અને ગાઈડ લાઈન ની ચુસ્તપણે અમલવારી કરાવવી જરૂરી છે ત્યારે જવાબદાર તંત્ર પગલાં ભરવા માટે કડક કાર્યવાહી કરશે ખરાં... કોવીડ -૧૯ ની કોરોના મહામારી માં સંક્રમણ થતું અટકાવવા માટે માસ્ક પહેરીને જાહેરમાં બહાર નીકળવું ફરજીયાત છે ત્યારે જવાબદાર અધિકારીઓ કે પદાધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા જ અમલવારી કરવામાં આવતી નથી ત્યારે સામાન્ય વ્યક્તિઓ ને કોણ રોકે કે દંડ વસુલ કરે એવી સ્થિતિ વચ્ચે કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ નોંધાય તો નવાઈ નહી. સરકારી તંત્ર દ્વારા પ્રાઈવેટ વાહનચાલકો મુસાફરો ને બેસાડે છે એ વિસ્તારમાં મુખ્યત્વે બસ સ્ટેન્ડ, ચાર ચોક,શરદ ચોકમાં થર્મલ સ્કેનીગ ની વ્યવસ્થા સાથે પાસીગ થી અડધાં વ્યક્તિઓ બેસાડે એ માટે બંદોબસ્ત ગોઠવી આપવામાં આવે તો મુસાફરો લૂંટાતા અટકે અને શંકાસ્પદ કેસ ધ્યાનમાં આવે તો સંક્રમણ થતું અટકાવવા માં સફળતા પ્રાપ્ત થશે. સરકારી કચેરીઓમાં લોકડાઉન પુરું થતાં જ વેકેશન જેવો માહોલ સર્જાયો છે ત્યારે જવાબદાર ઉચ્ચ અધિકારીઓ કડકાઈ થી અમલવારી ક્યારે કરાવે તે આવનારાં દિવસોમાં ખબર પડશે...



મોડાસા તાલુકામાં બોલુંદરાની શ્રીકૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળાનું સામાન્ય પ્રવાહ ધો.૧૨ ની માર્ચ ૨૦૨૦ની પરીક્ષા નું પરિણામ પણ ૧૦૦% આવેલ છે. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અગ્નિહોત્રી આત્રેય કુમાર વ્યાસે પાઠશાળાના ગુરુજનોને તથા વિધાર્થીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી . આ પાઠશાળાનું ધો.૧૦નું પણ ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું.પૃથ્વી ઉપર અવતાર ધારણ કરનારા ભગવાન રામ અને શ્રીકૃષ્ણ પણ ઋષિમુનિઓના ગુરુપદે એ સમયે ચાલતી ગુરુકુળમાં ભણ્યા હતા પણ આજના સમયમાં ગુરુકુળ સમાન બોલુંદરા શ્રીકૃષ્ણાશ્રમ વૈદિક સંસ્કૃત પાઠશાળા દીવાદાંડી સમાસન છે જે આ જિલ્લાનું ગૌરવ છે.



### મોડાસાના શહેરીજનો થઈ જજો એલર્ટ

# શહેર કોરાનાનું હોટસ્પોટ થી ડેથપોસ્ટ તરફ સરકી રહ્યું છે...!! ૫૭ દર્દીઓમાંથી ૧૧ લોકોને કોરોના ભરખ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાનો કહેરે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે જેમાં ગતિશીલ ગુજરાતમાં કોરોનાનો મૃત્યુઆંક પણ ગતિશીલ બનતા ગુજરાત રાજયનો મૃત્યુ આંક ટોચ પર છે લોકડાઉન પછી અનલોક ફેઝમાં દરરોજ કોરોના વાયરસના કેસોમાં કૂદકેને ભૂસકે વધારો જોવા મળી રહ્યો છે.અરવલ્લી જીલ્લામાં પણ કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ચિંતાજનક રૂપથી વધારો જોવા મળી રહ્યો છે અરવલ્લી જિલ્લામાં વધુ ૬ કોરોના પોઝેટીવ સાથે ૧૫૬ પર આંક પહોંચ્યો છે મોડાસા શહેરમાં વધુ ૫ કેસ સાથે ૫૭ કોરોના પોઝેટીવ દર્દીઓ અત્યારસુધી નોંધાઈ ચુક્યા છે જેમાં ૧૧ લોકોને કોરોના ભરખી જતા ડેથરેટ ૨૦ ટકાની આસપાસ પહોંચતા મોત ના મામલે મોડાસા શહેર રાજયમાં અને જીલ્લામાં જે રીતે આગળ વધુ રહ્યું છે તે જોતા મોતના મામલે આગળ વધી રહ્યું છે જીલ્લામાં કોરોનાનું હોટસ્પોટ બનેલા મોડાસા શહેરમાં જે રીતે મૃત્યુ આંક વધી રહ્યો છે તે જોતા શહેર જાણે ડેથસ્પોટ તરફ સરકી રહ્યું હોય તેવો અહેસાસ લોકોને થતા ફફડી ઉઠ્યા છે



અરવલ્લી જીલ્લામાં કોરોનાનો વ્યાપ રોજ રોજ વધી રહ્યો છે મોડાસા શહેરમાં ૫ લોકો અને મોડાસા તાલુકાના લીંભોઇ ગામમાં એક વ્યક્તિનો કોરોના પોઝેટીવ આવતાં જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે મોડાસા શહેરમાં લઘુમતી સમાજની પર વર્ષીય મહિલાએ કોરોના સામે જંગ હારી જતા મોત નીપજયું હતું મોડાસા શહેરમાં ધીરે ધીરે સમગ્ર શહેરમાં સંક્રમણ ફેલાઈ રહ્યું છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સ્મીશન તરફ આગળ વધી રહ્યું છે શહેરમાં લઘુમતી સમાજના લોકોના કોરોના થી સૌથી વધુ મોત નિપજયા છે મોડાસા શહેરમાં કોરોના થી મોત સતત થઈ રહ્યા હોવાથી શહેરીજનો ફફડી ઉઠ્યા છે મોડાસા શહેરની અલ્ફેનસા સોસાયટી,ઝમઝમ સોસાયટી અને ભાવસાર વાડા વિસ્તારની ત્રણ મહિલાઓ, નીલકંઠ સોસાયટીમાં રહેતા આધેડ, ગોવર્ધન ટાઉનશીપ અને લીંભોઇ ગામનો એક એક વ્યક્તિ કોરોનામાં સપડાયા હતા સતત વધી રહેલ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા અને મૃત્યુદર થી આરોગ્ય વિભાગ હડકંપ મચ્યો છે જીલ્લામાં અત્યારસુધી ૧૧૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપવામાં સફળ રહ્યા છે

મોડાસા શહેરમાં ઝડપભેર સંક્રમણ વધી રહ્યું છે જયારે બીજીબાજુ અનલોક ની જાહેરાત બાદ લોકો કોરોના સામે બેદરકાર જણાઈ રહ્યા છે શહેરમાં ભારે ભીડ ઉમટી રહી છે સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી માસ્ક પણ પહેરતા નથી તેમજ જાહેરમાં થૂંકવાનું પણ ચાલુ રાખતા આગામી સમયમાં મોડાસા શહેરમાં કોરોનાના દર્દીઓમાં ભયાનક વધારો થઈ શકે છે શહેરમાં વેપારીઓ અને ગ્રાહકો માસ્ક ફક્ત દંડ થી બચવા પહેરતા હોય તેવા દ્રશ્યો શહેરમાં સામાન્ય બન્યા છે

### પ્રદેશ બક્ષીપંચ મોરચા પ્રમુખ દિનેશભાઈએ

# અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચાની વર્ચ્યુઅલ સંવાદ બેઠકને સંબોધી

મોટી ઈસરોલ, તા.૧૫

આજરોજ અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચાની વર્ચ્યુઅલ સંવાદ બેઠક યોજાઈ હતી..જેના પ્રારંભે જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીખાજી ડામોરે સંવાદની વિગતો રજૂ કરી આ સંવાદ સાથે જોડાયેલા સૌ આગેવાનો,કાર્યકરોને આવકાર્યા હતા.



જેમાં સંવાદના મુખ્ય વક્તા ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી દીનેશભાઈ અનાવડીયા દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓ વર્ણવી હતી અને બક્ષીપંચ હેઠળ આવતા લોકો માટે મોદી સરકાર દ્વારા કરવામાં આવેલ કામોની ઉડી વગતો સૌ જોડાયેલા કાર્યકરોને આપી હતી.

દેશમાં ૩૭૦ તથા રામમંદીર નિર્માણ જેવા પ્રજાની હિતના કામો કરી દેશ માટે ખુબ મોટુ કામ આ સરકાર દવા કરવામાં આવ્યુ છે જેને કારણે ભારતના લોકો ખુબ જ ખુશ છે. એમ જણાવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના માનવીની ચિતા કરી છે. અને રાજયની વિજયભાઈ રૂપાણી અને નીતિનભાઈ પટેલની સરકાર પણ લોકો માટે સતત કામ કરતા રહીને કોરોના મહામારીના કાળમાં પણ લોકો માટે બનતું તમામ કરી છૂટવા કામ કરી રહી છે.પ્રદેશ બક્ષીપંચ મોરચા પ્રમુખ દિનેશભાઈએ. આ જિલ્લામાં બક્ષીપંચ મોરચાની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે ઝોન પ્રભારી દીલીપસિહ પરમાર , જિલ્લા પ્રમુખ રણવીરસિહ ડાભી,જિલ્લા મોરચા મોરચા પ્રમુખ ભિખાજી ડામોર, જિલ્લા મહામંત્રી શાંમલળભાઈ પટેલ , એસ.એમ.ખાંટ,સહકારી આગેવાન પ્રભુદાસભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ધવલસિહ ઝાલા, પૂર્વ બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીખુસિંહ પરમાર, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ અતુલભાઈ બ્રહ્મભટ્ટ તથા બક્ષીપંચ મોરચાના હોદ્દેદારો આગેવાનો કાર્યકર્તાઓ સૌ કોઈ મોટી સંખ્યામાં હાજર રહ્યાં. આ કાર્યક્રમનું સંકલન તેમજ મોઆભાર દર્શન જિલ્લા મોરચા મહામંત્રી કેતનભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### માણાવદર તાલુકા કોંગ્રેસ સમિતિએ

# રાંધણગેસ- પેટ્રોલ- ડીઝલના ભાવ અંકુશમાં રાખવા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

ણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી ની આગેવાનીમાં આજરોજ માણાવદર મામલતદાર રામને એક આવેદનપત્ર પાઠવ્યું હતુ જેમાં જણાવ્યું હતુ કે હાલ કોરોના મહામારી માં લોકડાઉન ના કારણે દેશ અને રાજય સહિત જૂનાગઢ જિલ્લા ની ગરીબ અને મધ્યમવર્ગીય જનતા આર્થિક રીતે અતિ પાયમાલ થઈ ગયેલ છે. અને આજ દિન સુધી માં સરકારશ્રીએ આવા જરૂરિયાત મંદ લોકોને કોઈ જાતની આર્થિક સહાય કરેલ નથી જેના કારણે આ લોકોનું જીવન નિર્વાહ કરવું પણ મુશ્કેલ બનેલ છે. આવી કપરી સ્થિતિ નો ગરીબ અને મધ્યમવર્ગીય જનતા સામનો કરી રહી છે. ત્યારે રાજય અને કેન્દ્ર સરકાર તરફથી લોકોને રોજીંદા જીવન જરૂરિયાત ની ચીજવસ્તુઓ રાંધણગેસ સિલિન્ડર, પેટ્રોલ, ડીઝલ ના ભાવ ગુજરાત સરકાર ના ટેક્સ ના કારણે ભાવ આસમાને જય રહ્યા છે. જેનાથી ગરીબ અને મધ્યમવર્ગીય લોકોને વધુ એક મોંધવારી ના મારનો




સામનો કરવો પડી રહયો છે.

જેથી ગરીબ અને મધ્યમવર્ગીય લોકોને પડીયા પર પાટું જેવી સ્થિતિ નું નિર્માણ થયેલ છે જેથી આપની રાજય સરકાર આવા જરૂરિયાત મંદ લોકોને કોવિડ ૧૯ ની મહામારી માં ૬૦ દિવસ ના લોકડાઉન દરમિયાન મહીને માસીક દશ હજાર આર્થિક સહાય લેવાની જરૂરિયાત હતી તેમાથી આપણી સરકાર છટકી રહી છે આવા સંજોગોમાં પેટ્રોલ ડીઝલ અને રાંધણગેસ ના દિવસે ને દિવસે આપણી રાજય સરકાર દ્વારા તગડા ટેક્સના કારણે વધારાય રહ્યા છે. જેથી તેના પર તમામ ટેક્સ હાલ પુરતો નાબુદ કરવા અને દરેક ગરીબ અને મધ્યમવર્ગના ખાતામાં રૂપિયા દશ હજાર ની રોકડ સહાય જમાં કરાવવા અને અતિ ગરીબ લોકોને ઓગષ્ટ માસ સુધી રાંધણગેસ સિલિન્ડર મફતમાં આપવા આવા જરૂરિયાત મંદ ગરીબ અને મધ્યમવર્ગના લોકો વતી વિનંતી સહ માંગણી સાથે આજરોજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી, શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકિયા, જિલ્લા કોંગ્રેસ ઉપ પ્રમુખ દિલીપભાઈ જસાણી , અરવિંદભાઈ હુંબલ વગેરે મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું હતું

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

# માણાવદરમાં ભુકંપમાં પટેલ ચોકમાં મકાનની છત ધરાશાયી



માણાવદર સહિત ગુજરાત ના અનેક શહેરો ગામોમાં ગઈકાલના ભુકંપમાં ભય ફેલાયો હતો તેમાં માણાવદર માં ભુકંપ ના આંચકાને કારણે પટેલ ચોક વિસ્તારમાં એક મકાન ની છત ધરાશાયી થઈ હતી તથા મકાનોમાં તીરાડો પડી ગઈ હોવાની ફરિયાદો પ્રજાજનો કરી રહયા છે પટેલ ચોક વિસ્તાર માં મકાનની છત પડી તે રૂમમાં કોઈ નહોતું સદનસીબે બચાવ થયો છે.

કુદરત ના ખેલ પણ અજીબ છે .માટી કા સંસાર હે ખેલ શકે તો ખેલ બાઝી રબકે હાથમે હૈ પૂરા વિજ્ઞાનફેલ

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર



**પાટણ ની ધારપુર હોસ્પિટલ સામે એક અજાણ્યો આધેડ મૃત હાલત માં મળ્યો.ધારપુર હોસ્પિટલ સામે બસ્ટેન્ડ ના બાંકડા પર આધેડ મૃત હાલત મળ્યો.હાથ ના ભાગે બોટલ ચઢાવવા ની નિડલ લગાવેલી હોઈ દર્દી હોવાનું અનુમાન.અઠવાડિયા થી આ આધેડ આ વિસ્તારમાં પર જોવા મળ્યો હોવા નું અનુમાન.સ્થાનિકો દ્વારા હોસ્પિટલ ને જાણ કરાઈ છતાં બે કલાક થી કોઈ ફરક્યું નથી.**

# ૨૫ જૂનથી શરૂ થનારી પરીક્ષા મોકૂફ રાખવા વલસાડ ABVPનું આવેદન



વલસાડ

ભારતભરમાં હાલમાં કોરોનાની મહામારી ચાલી રહી છે. ત્યારે તેમાંથી શિક્ષણ વિભાગ પણ બાકાત રહ્યું નથી અને સ્કૂલો અને કોલેજો પણ બંધ છે. ઁઞ્ઝની ગાઈડલાઈન મુજબ પરીક્ષા યોજવાનું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ નક્કી કર્યું છે. આગામી ૨૫ જૂનથી આ પરીક્ષાઓ યોજાશે, ત્યારે આ પરીક્ષાઓ મોકૂફ રાખવા માટે આજે વલસાડ જિલ્લા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.વલસાડ: હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે. ત્યારે ગુજરાતમાં પ્રતિ દિવસે ૪૦૦થી વધારે કેસ નોંધાઈ રહ્યા છે. એવા સમયમાંઁઞ્ઝની ગાઈડલાઈન અનુસાર પરીક્ષા જાહેર કરી અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી કોલેજમાં પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે.

જે પરીક્ષા ૨૫ જુલાઈથી યુનિવર્સિટીએ જાહેર કરેલી છે, પરંતુ આ પરિસ્થિતિમાં પાયાવિહોણા નિર્ણયના કારણે વિદ્યાર્થીઓ મુંઝવણમાં મૂકાયા છે. યુનિવર્સિટીમાં અંદાજીત ૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વલસાડ તેમજ સમગ્ર સાઉથ ગુજરાતની વાત કરીએ તો મહામારી રોજબરોજ વધતી જાય છે. આવા સમયમાં પરીક્ષા લેવી એ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવા સમાન છે. ૨૫ જૂન થી શરૂ થનારી પરીક્ષા મોકૂફ રાખવા વલસાડ છમ્ફઁનું આવેદનગુજરાતની તમામ યુનિવર્સિટીએ પરીક્ષાઓ મોકુફ રાખી છે. ત્યારે સાઉથ ગુજરાત યુનિવર્સિટીએ પણ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરી પરીક્ષા મોકૂફ રાખવી જોઈએ એવી માંગ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કરી રહ્યું છે. જેના અનુસંધાને આજે વલસાડ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કોલેજના આચાર્યને આવેદનપત્ર આપી કુલપતિ સુધી તેમના આ પત્રને પહોંચતો કરવા માટે રજૂઆત કરી છે.૨૫ જૂનથી શરૂ થનારી પરીક્ષા મોકૂફ રાખવા વલસાડ છમ્ફઁનું આવેદન૨૫ જૂનથી શરૂ થનારી પરીક્ષા મોકૂફ રાખવા વલસાડ છમ્ફઁનું આવેદનવિદ્યાર્થીઓએ કહ્યું કે, તેઓ પરીક્ષાથી ડરતા નથી પરંતુ તેઓને ડર છે કે, તેમના પરિવારમાં વૃદ્ધો અને બાળકો પણ રહે છે. કોરોનાની મહામારી ચાલી રહી છે. ત્યારે આ પરીક્ષા યોજવી આ નિર્ણય કેટલો યોગ્ય કહી શકાય, આજે મોટી સંખ્યામાં સોશિયલ ડિસ્ટન્સ રાખીને અનેક વિદ્યાર્થીઓએ વિવિધ બેનરો સાથે પરીક્ષાના નિર્ણય અંગે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# કેશોદ નગરપાલિકા ની મુદત પૂરી થવાનાં આરે સખળ ડખળ થયું શરૂ

કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

કેશોદ નગરપાલિકા ની પાંચ વર્ષની મુદત પૂરી થવા જઈ રહી છે ત્યારે સામાન્ય ચૂંટણી આગામી દિવસોમાં યોજાનારી છે જે અનુસંધાને તંત્ર પહેલાં રાજકીય ખળભળાટ શરૂ થઈ ગયો છે. કેશોદ નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી આગામી ત્રણેક મહિના બાદ જાહેર કરવામાં આવે અને આચારસંહિતા લાગુ કરવામાં આવે એ પહેલાં કેશોદ નગરપાલિકા નાં વિવિધ યોજનાઓ હેઠળ ચાલતાં કામોમાં ભાગીદારી ધરાવતાં પદાધિકારીઓ ચોમાસું હોવાં છતાં કામ પુરાં કરાવી બીલો મંજુર કરાવવા હવાતિયાં મારી સખળ ડખળ ચાલું કરી આપ્યું હોવાનાં એંધાણ મળી રહ્યાં છે. કેશોદ નગરપાલિકા માં પાંચ વર્ષ સુધી નગરસેવક તરીકે રહેલાં ફરીથી આવવાનાં નથી અને કપાવાના છે એ છેલ્લે છેલ્લે જે કાંઈ હાથ લાગે ની લ્હાયમાં ગમે એની સાથે ગોઠવાઈ રહ્યા છે. કેશોદ શહેરમાં ધારાસભ્ય અને પુર્વ ધારાસભ્ય નું જુથ સાથે સાથે સાસંદ અને પુર્વ સાંસદ નું જુથ વચ્ચે સંગઠન આમ પાંચ પાંચ જુથોને સંકલન કરી ઉમેદવારો પસંદ કરવાનાં છે ત્યારે અત્યારથી જ સતાધારી પક્ષની આબરૂ નું લીલામ શરૂ થઈ ગયું છે અને શહેરનાં મતદારો સમગ્ર કોભાંડો થી વાકેફ છે. કેશોદ નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી ની સાથે સાથે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે કોંગ્રેસ છોડીને સતાધારી પક્ષના ખેસ ધારણ કરેલાં ને સાચવવાના થાય ત્યારે પાયાનાં કાર્યકરો પણ નારાજ થવાની સંભાવના વર્તાય છે. કેશોદ નગરપાલિકા નાં ગત પાંચ વર્ષમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ ફાળવવામાં આવી હતી પરંતુ સતાધારી પક્ષના પ્રતિનિધિઓ આગેવાનો દ્વારા ભાગીદારીમાં કામ કરતાં ગુણવત્તા જાળવી ન હોવાથી જશ ને બદલે જોડાં મળે એવી બદતર હાલત છે. કેશોદ નગરપાલિકા નાં પદાધિકારીઓ દ્વારા પોતાનાં અને પોતાનાં મળતિયાઓ ને લાભ અપાવવા માટે અધિકારીઓ કર્મચારીઓ ને નિયમો નેવે મૂકી કરી આપવા ભય નું વાતાવરણ ઉભું કરી પક્ષનું નિકંદન કાઢી રહ્યા છે ત્યારે જુનાગઢ જિલ્લા નાં જવાબદાર સંગઠન નાં આગેવાનો ગંભીર બની સુચના આપશે નહીં તો આવનારાં દિવસોમાં સ્થિતિ ખરાબ છે એ વધું ખરાબ થશે.

સત્તાના મદમાં છકી જનારા નેતાઓ પદાધિકારીઓ ને શિસ્ત અને અંનુશાશન નાં પાઠ ભણાવવામાં આવશે તો જ આવનારાં દિવસોમાં મતદારો વચ્ચે જઈ શકાશે... કેશોદ નગરપાલિકા પોતાનાં બાપ દાદાની પેઢી ગણતાં પદાધિકારીઓ અને નેતાઓને હાંસિયામાં કે ઘરે બેસાડ્યા વગર ઉધ્ધાર નથી એવું પાયાનાં કાર્યકરો માં ઉદભવેલા ગણગણાટ વિદ્રોહ બને તો નવાઈ નહીં..

# બ્રહ્મ સમાજ ગૌરવ



**આયુષી કલ્પેશભાઈ જાની**
**પર્સેન્ટાઈલ : ૯૭:૮૯**
**ગ્રેડ : બીજો**

# વલસાડ જિલ્લાનું ૬૮.૭૧ ટકા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

સતિષ પટેલ વલસાડ

માર્ચ ૨૦૨૦માં લેવામાં આવેલી ધોરણ-૧૨ની પરીક્ષાનું સોમવારે ઓનલાઇન પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. રાજયમાં બોર્ડનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૬.૨૯ ટકા આવ્યું હતું, વલસાડ જિલ્લાનું પરિણામ ૬૮.૭૧ ટકા રહ્યું હતું, સમગ્ર વલસાડ જિલ્લામાં છ૧ ગ્રેડમાં એક પણ વિદ્યાર્થીનો સમાવેશ થયો નથી.ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું સોમવારે ઓનલાઇન પરિણામ જાહેર થયું હતું. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું બોર્ડનું પરિણામ ૭૬.૨૯ ટકા નોંધાયું છે. ૪૭૬ કેન્દ્રો પર લેવામાં આવેલી પરિક્ષાનું સોમવારે પરિણામ જાહેર થતા ક્યાક ખુશીનો માહોલ છે તો ક્યાક ગમનો માહોલ જોવા મળી રહ્યોં છે. વલસાડ જિલ્લાની વાત કરીએ તો જિલ્લામાં છ૧ ગ્રેડમાં એક પણ વિદ્યાર્થીઓ પાસ થયા નથી, જિલ્લાનું પરિણામ ૬૮.૭૧ ટકા નોંધાયું છે.

વલસાડ જિલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર, વલસાડ જિલ્લાનું ૬૮.૭૧ ટકા પરિણામજિલ્લામાં કુલ ૮૮૭૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાં ૮૭૪૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે, છ૧ ગ્રેડમાં ૦, છ૨ ગ્રેડમાં ૫૭, મ્૧ ગ્રેડમાં ૪૫૩, મ્૨ ગ્રેડમાં ૧૪૧૩, ઝ૧ ગ્રેડમાં ૨૩૬૩, ઝ૨ ગ્રેડમાં ૧૮૩૧, ⇐ ગ્રેડમાં ૨૦૪, ઈ ગ્રેડમાં ૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે.કેન્દ્ર મુજબ ટકાવારીમાં વલસાડ કેન્દ્રનું પરિણામ ૬૮.૭૧ ટકા આવ્યું હતું. વલસાડ કેન્દ્રમાં ૧૦૨૦ વિદ્યાર્થી નોંધાયા હતા, તેમાથી ૧૦૧૩એ પરીક્ષા આપી હતી, જેમાં ૬૯૬ પાસ થયા છે. વાપી કેન્દ્રનું પરિણામ ૭૩.૭૨ ટકા આવ્યું છે, ત્યા ૧૫૩૮ વિદ્યાર્થીઓમાંથી ૧૫૩૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી જેમાંથી ૧૧૩૩ પાસ થયા છે, સરીગામ કેન્દ્રનું ૭૦.૩૮ ટકા પરિણામ આવ્યું હતું, આ કેન્દ્રમાં ૬૫૫ વિદ્યાર્થીઓમાંથી ૬૫૫ને પરીક્ષા આપી હતી જેમાં ૪૬૧ પાસ થયા છે. નારગોલ કેન્દ્રમાં ૭૧.૬૨ ટકા પરિણામ આવ્યું છે. જ્યા ૭૫૬ વિદ્યાર્થીઓ માંથી ૭૫૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૫૪૦ વિદ્યાર્થી પાસ થયા છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર, વલસાડ જિલ્લાનું ૬૮.૭૧ ટકા પરિણામવલસાડ જિલ્લાના શેઠ. આર જે જે ગુજરાતી મીડિયમ સ્કૂલનું પરિણામ ૭૫.૯૨ ટકા આવ્યું છે. સ્કૂલમાં પ્રથમ ક્રમે વિવેક જૈન ૮૪ ટકા, દ્વિતીય ક્રમે રિદ્ધિ રાણા ૮૧ ટકા, તૃતીય ક્રમે ચિંતન ભરુચા ૭૮.૨૬ ટકા મેળવ્યાં હતા. વલસાડ જિલ્લામાં ૬૮.૭૧ ટકા પરિણામ નોંધાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.